Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

મહા
|
ફાગણ


પુસ્તક ૯૧ મું

અંક ૪-૫

૭ મી માર્ચ

૧૯૭૫

પ્રભુ મહાવીરનો શાંતિ-સંદેશ



વીર પ્રભુને વંદન કરતા, ધન્ય જીવન મુજ થાતું.
ને હૈયું હરખીને વીર તમારા ગીતડા મીઠા ગાતું.

સર્વથા સહુ સુખી થાઓ
સમતા સહુ સમાચારો.
સર્વત્ર દિવ્યતા વ્યાપો
શાંતિ સર્વત્ર વિસ્તરો.

મહા
|
ફાગણ

વીર સંવત

૨૫૦૧

વિ. સંવત

૨૦૩૧

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૯૧ મું : :** વાર્ષિક લવાજમ: પોસ્ટેજ સહિત ૫-૨૫

# अनुक्रमणिका



| ક્રમ | લેખ | લેખક | પા નં. |
|---|---|---|---|
| ૧. | મહાવીર પ્રભુની સ્તુતિ | ....સ્વ. મા. શામજી હેમચંદ દેશાઈ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી | ૭ |
| ૫. | અભિમાની | ....લે. આચાર્ય અશોકચંદ્ર સૂ. મ. | ૮ |
| ૬. | મૂર્ખ પાપી | ,, ,, | ૮ |
| ૭. | જૈનોના પર્વો અને ટુકો ઇતિહાસ | ....સ્વ. વકીલ ડાયાભાઈ મોતીચંદ દેશાઈ | ૯ |
| ૮. | પાંચ આશય સ્વરૂપ | ....મુની વિવેકચંદ્રવિજય મહારાજ | ૧૦ |
| ૯. | અનુમોદનીય સમાચાર | .... | ૧૧ |
| ૧૦. | ઇંટ અને ઇમારત | ....અમરચંદ માવજી શાહ | ૧૩ |
| ૧૨. | ભગવાન મહાવીર જન્મકલ્યાણક | ....અમરચંદ માવજી શાહ | ૧૫ |
| ૧૩. | વિશ્વ માન્ય ધર્મ | ....શાહ ચતુર્ભુજ હરજીવન | ૧૬ |


# Friend Circle

આજે જ્યાં જુઓ ત્યાં એકજ વાત સાંભળવા મળશે. આ મારા મીત્ર છે આ મારી બેનપણી છે. આજના યુવાનોની આજની મીત્રાચારીમાં એવા જોથા ખાય છે કે મીત્રો એજ આપણું સર્વસ્વ છે આ એક મોટી ભુલ છે. આ કારણે જ આપણામાં અત્યારે ઉચ્ચ કુટુંબ ભાવનામાં ઓટ આવી છે.

બળવંત

For Private And Personal Use Only




પુસ્તક ૯૧ મું
અંક ૪-૫ મો | મહા–ફાગણ | વીર સં. ૨૫૦૧
વિક્રમ સં. ૨૦૩૧

# પ્રભુ મહાવીર સ્વામીની

## ( સ્તુતી )

સાડાબાર સંવત્સરો તપ તપી
સદ્જ્ઞાન ને મેળવ્યું,
ને તે જ્ઞાન વડે સમસ્ત જગને
સન માર્ગમાં કેળવ્યુ.
જેના ધ્યાન વડે ભવિક જીવને
દુઃખો ન આવે કદી,
એવા શ્રી મહાવીરદેવ અમને
આપો સદા સંપદા.

રચયીતા
સ્વ. માસ્તર શામજીભાઇ હેમચંદ દેશાઇ


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ )

લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથાય સદૈવાકોટિંન નમન



યુગલીકોની બુમ સાંભળીને માટીનો એક પીંડ મંગાવ્યો ને હાથીના કુંભ સ્થળ ઉપર જ તેનું એકપાત્ર બનાવી રૂષભે શીલ્પોમાં પ્રથમ કુમારનું શિલ્પશાસ્ત્ર પ્રગટ કર્યું. એવી રીતે બીજા પણ પાત્રો તેમને બનાવતા શીખવ્યું.

પછી તેને અગ્નિમાં નાખીને તૈયાર કરાવ્યું બાદ ખાવાની ચીજોને તેમાં નાખીને યુગલીકોને પકવતા તેમ કરવાથી યુગલીકોને આહાર સ્વાદિષ્ટ લાગ્યો અને રીતસર પાંચન થવા લાગ્યાં.

તે પછી રૂષભે ઘર બનાવવાની કળા, ચિત્રકળા, વણાટકામ અને નાપિતવિદ્યા શીખવીને લોકોને સુખી કર્યા લોકોની જીવિકાને માટે વણકર કાલહર, કૃષિ અને વ્યાપાર વિગેરે કર્યા રૂષભે પ્રગટ કર્યા તેમજ જગતની વ્યવસ્થા માટે શામ, દંડ, અને ભેદ એ ચાર ઉપાયની રચના કરી પોતાના મુખ્ય પુત્ર ભરતને પુરૂષની બહોતે કળા શીખવી અને ભરતે પોતાના કુટુંબમા તેમજ બીજાઓને પણ શીખવી એમ પરંપરા ચાલી બાહુલને લક્ષણશાસ્ત્ર શીખવ્યું બ્રહ્મીને જમણા હાથ વડે અઢાર લીપીલતા સુંદરીને ડાબા હાથે ગણીત શાસ્ત્ર શીખવ્યું. વસ્તુઓનું માન ઉન્મત તથા મણિ વિગેરે પરોવવાની કળા શીખવી. તેમની આજ્ઞાથી વાદી અને પ્રતિવાદીનો વ્યવહાર. રાજા અધ્યક્ષક કુલગુરૂની સાક્ષીથી થવા લાગ્યો. હસ્તી વગેરેની પૂજા ધનુર્વેદ, વૈદકની ઉપાસના સંગ્રામ અર્થશાસ્ત્ર બધુ ઘાત, વધ, અને ગોષ્ઠિ વિગેરે પુર્વક પાળ્યુ "આ માતા, આ પિતા, આ ભાઈ, આ બેન, આ સ્ત્રી, આઘર, આ પુત્ર. આ કુટુંબ મારૂ છે" એવી મમતા ત્યારથી ઉત્પન્ન શરૂ થઈ.

રૂષભદેવને વિવાહ વખતે સ્ત્રી વગેરેથી મનોહર જોયા હતા તેમ લોકોએ વસ્ત્ર આભરણો તે પ્રમાણે પહેરવાતો સંગ્રહયાનો પ્રચાર કર્યો. તેમજ રૂષભદેવની વિવાહવિધિ જોઈને લોકોમાં પણને રૂઢી પ્રવર્તી જે અદ્યાપિ પણ ચાલી આવે છે.




(ક્રમશ:)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



ગુરુએ अज શબ્દનો અર્થ મેંઢો કહ્યો છે.' આવાં વસુરાજાનાં અસત્ય વચનથી ક્રોધ પામીને ત્યાં રહેલા દેવતાઓએ આકાશ જેવા સ્ફટિકની આસનવેદિકા ચૂર્ણ કરી નાંખી. તત્કાળ વસુરાજા જાણે નરકપાતનું પ્રસ્થાન કરતો હોય તેમ પૃથ્વી પર પડી ગયો. અસત્ય વચન બોલવાથી કોપ પામેલા દેવતાઓએ પાડીને મારી નાંખેલો વસુરાજા મરણ પામીને ઘોર નરકમાં ગયો. વસુનો પુત્ર પૃથુવસુ ચિત્રવસુ, વાસવ, શુક્ર, વિભાવસુ, વિશ્વાસુ, સુર અને મહાસુર -- તે આઠે અનુક્રમે પિતાની રાજગાદી ઉપર બેઠા; પણ દેવતાઓએ કોપથી તત્કાલ તેઓને પણ મારી નાંખ્યા તેથી નવમો સુવસુ નામે પુત્ર ત્યાંથી નાસીને નાગપુર ગયો અને દશમો વૃહદ્ધ્વજ નામનો પુત્ર મથુરાપુરીએ ગયો. પછી પુરજનોએ હાસ્ય કરી પર્વતને નગરીની બહાર કાઢી મૂકયો. તેને મહાકાળ નામના અસુરે ગ્રહણ કર્યો.

રાવણે પૂછ્યું—'એ મહાકાળ અસુર કોણ હતો?' એટલે નારદ તેની કથા કહેવા લાગ્યા – 'અહીં ચારણયુગલ નામે એક નગર છે ત્યાં અયોધન નામે એક રાજા થયો, તેને દિતિ નામે પ્રિયા હતી. તેને સુલસા નામે એક રૂપવતી દુહિતા થઇ હતી. અયોધન રાજાએ તેના સ્વયંવરમાં બોલાવવાથી સર્વ રાજાઓ ત્યાં આવ્યા, તેઓમાં સગર નામે રાજા સર્વથી અધિક હતો. તે સગરની આજ્ઞાથી મંદોદરી નામની એક પ્રતિહારી અયોધન રાજાના આવાસમાં વારંવાર જતી હતી. એક વખતે દિતિ રાણી સુલસાકુમારીની સાથે ગૃહોદ્યાન કદલી ગૃહમાં બેઠી હતી, તેવામાં મંદોદરી પણ ત્યાં આવી ચડી.

તે બંનેનાં વચનો સાંભળવાની ઇચ્છાથી મંદોદરી લતાઓમાં સંતાઇ ગઇ. તે વખતે દિતિએ સુલસાને કહ્યું કે—હે વત્સે! તારા આ સ્વયંવરમાં મારા મનમાં એક શલ્ય છે. અને તેનો ઉદ્ધાર કરવો તારે આધીન છે; માટે તું સારી રીતે મૂળથી તે વાત સાંભળ– શ્રી ઋષભસ્વામીને ભરત અને બાહુબલી નામે મુખ્ય બે વંશધર પુત્રો હતા, જેઓના પુત્ર સૂર્ય અને સોમ થયા હતા. તેમાં સોમના વંશમાં તૃણબિંદુ નામે મારો ભાઇ થયેલો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને તારા પિતા અયોધન રાજા સૂર્યના વંશમાં ઉત્પન્ન થયેલા છે. અયોધન રાજાની બેન સત્યયશા તૃણબિંદુ રાજાની સ્ત્રી થયેલ છે અને તેને મધુપિંગ નામે એક પુત્ર થયેલો છે. હે સુંદરી ! તને એ મધુપિંગને આપવાની મારી તીવ્ર ઇચ્છા છે. અને તારા પિતા તને સ્વયવરમાં આવેલા રાજાઓમાંથી કોઈ પણ વરને આપવાને ઇચ્છે છે. હવે સ્વયંવરમાં તુ કોને વરીશ તે હું જાણી શકતી નથી, તે એક મોટું શલ્ય મારા હૃદયમાં સાલે છે; માટે સર્વ રાજાઓની વચમાં તારે મારા ભ્રાતૃજ (ભત્રીજા) મધુપિંગને વરવો એમ કબૂલ કર." આવી પોતાની માતાની શિક્ષા સુલસાએ સ્વીકારી. આ સર્વ વાત ગુપ્ત રીતે સાંભળીને મંદોદરીએ સગરરાજા પાસે નિવેદન કરી

સગરરાજાએ પોતાના પુરોહિત વિશ્વભૂતિને આજ્ઞા કરી, એટલે તત્કાળ તે શીઘ્રકવિએ એક રાજલક્ષણસંહિતા રચી કાઢી તેમાં તેણે એવું લખ્યું કે જેથી સગરરાજા સર્વ રાજ- બોલતા નથી, માટે આપણા વચ્ચે પોતપોતાના પક્ષનું સ્થાપન કરવામાં જે ખોટો ઠરે તેની જિહ્વા છેદવાની પ્રતિજ્ઞા થાઓ; અને આપણા બંનેની વચ્ચે આપણા સહાધ્યાયી અને સત્યવાદી વસુરાજાને પ્રમાણિક ઠરાવો' તે સાંભળી મેં તે પ્રમાણે કબૂલ રાખ્યું, કારણ કે સત્યવાદીઓને ક્ષોભ હોતો નથી.

આ પ્રતિજ્ઞાની ખબર થતાં પર્વતને તેની માતાએ એકાંતમાં કહ્યું કે-"હે પુત્ર ! 'અજ્ઞ એટલે ત્રણ વર્ષનું ધાન્ય' એવું મેં પણ તારા પિતા પાસેથી ઘરનું કામકાજ કરતાં સાંભળ્યું હતું; તેથી તેં ગર્વથી જે આ જિહ્વા છેદવાની પ્રતિજ્ઞા કરી તે સારૂં કર્યું નથી; કારણ કે અવિચારિત કાર્યના કરનારા વિપત્તિનું સ્થાન થઈ પડે છે." પર્વત બોલ્યો કે-'હે માતા! હું તો પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું તેથી હવે જે થયું તે થયું; મારો નિશ્ચય ફરવાનો નથી.' પછી પોતાના પુત્ર પર્વતને પ્રાપ્ત થવાનાં કષ્ટની પીડાથી હૃદયમાં આકુળવ્યાકુળ થતી તેની માતા વસુરાજા પાસે આવી, કારણ કે પુત્રને માટે પ્રાણી શું ન કરે ?

પર્વતની માતાને જોઈ વસુરાજા બોલ્યો-'હે માતા ! આજે તમારા દર્શનની મારે ક્ષીરકદંબ ગુરુના દર્શન થયા છે. કહો. તમારૂં હું શું કામ કરું ? અથવા તમને શું આપું ?' તે બોલી-'હે રાજા ! મને પુત્રરૂપ ભિક્ષા આપો. હે વત્સ ! પુત્ર વિના મારે બીજા ધનધાન્ય શા કામનાં છે ?' વસુ બોલ્યો-" માતા ! તમારો પુત્ર પર્વત મારે પાળવા યોગ્ય અને પુજવા યોગ્ય છે. કારણ કે ગુરુની જેમ ગુરુના પુત્રની સાથે પણ વર્તવું જોઇએ ' એમ વેદ કહે છે.

* જળ, અગ્નિ, ઘડો, કોશ, વિષ, માયા, ચોખા, ફળ, ધર્મ અને પુત્રને સ્પર્શ કરવો-આ દશ દિવ્ય કહેવાય છે.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક કથાસંગ્રહ (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

## [ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

"આપણે ત્યાં લક્ષ્મીનો કયાં તોટો છે કે જેથી સગાસંબંધીઓનો સાથ છોડી પરદેશ ભટકવું પડે?" આમ કહીને પિતાએ તેને પરદેશ જવાની ઇચ્છાથી વાર્યો, તો પણ તેણે પોતાનો આગ્રહ છોડયો નહિ અને જ્યારે 'કોઈ પણ કાર્ય માટે નિષેધ થાય છે ત્યારે યુવાન જીગરમાં તે કાર્ય પ્રત્યે ઊલટી આતુરતા વૃદ્ધિ પામે છે.' એ નિયમને અનુસરીને ઉત્તમ કરિયાણું લઈ લક્ષ્મીનો લાભ થાય તેવું શુભ લગ્ન જોઈ પરદેશ જવા માટે નિકળવાની તેણે તૈયારી કરી. તેનો અતિ આગ્રહ જોઇને પિતાએ પણ તેને અનુમોદન આપ્યું.

પતિને પરદેશ જતા સાંભળીને સુરૂપાએ એકાંતમાં સ્વામીને કહ્યું: "સ્વામીનાથ! હું પણ તમારી સાથે આવીશ"

"હે મુગ્ધે! તું એવું ન બોલ પરદેશમાં ઠગ મનુષ્યો અને લુચ્ચાઈવાળા ઘણા હોય છે; તેથી તારું ત્યાં કામ નહીં તું અહીં ઘેર રહીને સાસુ-સસરાની સેવા કરજે. સુકુમાર શરીરવાળી તું રસ્તો શી રીતે કાપી શકીશ?" સ્વામીએ નિષેધ કર્યો, છતાં પણ સુરૂપાએ પોતાનો કદાગ્રહ છોડયો નહિ. શ્વસુરે પણ યુક્તિયુક્ત વચનોવડે તેને વારી, પણ પોતાનો આગ્રહ તેણે છોડયો નહિ તેથી તેણીને સાથે લઇને તે શુભ લગ્ને પરદેશ જવાને ચાલતો થયો પ્રિયાની સાથે ચાલતાં માર્ગમાં તેને કેટલાક દિવસો વહી ગયા. એકદા બુદ્ધિના ધામ એવા **વરરૂચિ** નામના વિપ્રનો તેને માર્ગમાં જતાં સથવારો થયો. અમૃતના સ્વાદસમી તેની મધુર વાણીવડે પદ્મનાળ અને જળની માફક તે બન્નેની મિત્રતા વૃદ્ધિ પામવા લાગી. એક દિવસ ધર્મદત્તે કહ્યું: "સખે! માર્ગ ઝટ પસાર થાય તેવી ઉત્તમ વાર્તા કહે."

ત્યારે વરરુચિ મિત્ર બોલ્યો-"મિત્ર! કથામાં પ્રીતિવાળા તારું **કાર્પણ્યપણું** મેં જાણ્યું; પણ એ ઉચિત નથી. જો પાંચશેં સુવર્ણમહોરો આપે તો એક ઉત્તમ કથા કહી સંભળવું." તેણે પણ વરરુચિને પાંચશેં મહોરો તરત જ આપી, કેમ કે 'દ્રવ્ય ઉપાર્જન કરવાની તાકાત જેના બાહુમાં રહેલી છે એવા પુરૂષો દ્રવ્યનો વ્યય કરવામાં શંકા પામતા નથી.'

સુવર્ણ મહોરો ગ્રહણ કરીને મિતાક્ષરમાં જ ધર્મદત્તને વરરુચિએ કહ્યું-'न नीचजनसंपर्कः, कार्यः स्वहितमिच्छता ।' "પોતાનું કલ્યાણ ઇચ્છનારાએ નીચ જનની સોબત કરવી નહિ. ભાઈ! મારી કથા પૂરી થઇ." વરરુચિએ કહ્યું.

"અહા! આમાં તેં શું કહ્યું? હે બુદ્ધિમાન! કોઈ સારી કથા કહો." ધર્મદત્તે કહ્યું.



(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભિમાની પાપી

**લે. આચાર્ય અશોકચંદ્ર સૂ. મ.** (ડહેલાનો જૈન ઉપાશ્રયવાળા) મુંબઇ-ગોડીજી ઉપાશ્રય

જે પાપ કરીને ફુલાઇ છે તે અભિમાની પાપી છે. પરંતુ તેની સ્થિતિ કસાઇના જાડા બકરા જેવી છે, તેનો ખ્યાલ તેને આવતો નથી? કસાઇને ત્યાં જે બકરો હોય તેને ખૂબ ખવરાવવામાં આવે છે બકરો હંમેશા રૂષ્ટપુષ્ટ થતો જાય છે. સારૂં સારૂં ખાવાનું મળવાથી બકરો ફુલાય છે. પરતુ કસાઇ તેને સારી રીતે ખવરાવે છે તેનું શું કારણ છે તમો જાણો છો? આખરે તો તે બકરાને કાપવાનોજ હોય છે તેનું માસ વધારે પ્રમાણમાં અને સ્વાદિષ્ટ મળે તેટલા માટેજ તેને સારી રીતે ખવડાવવામાં આવે છે અભિમાની પાપીની પણ આવીજ દશા થાય છે પાપીનું ફુલણજી પણું પણ અભિમાનના નાશ માટેજ હોય છે. પાપ કરીને અભિમાન લેનારની સખ્યા ઘણી મળી આવશે. કોઈની નિંદા કરીને, કોઇને નુકશાન કરીને કોઇને માર મારીને કોઇના પેટ ઉપર પાટુ મારીને કોઇનું કાસળ કાઢીને હર્ષ અનુભવનાર ઘણા નીકળે છે? પરંતુ તેઓના કૃત્યનુ ફળ તેમને મળવાનું છે તેનો ખ્યાલ તેઓને આવતો નથી બીજાએને રંજાડી ફુલાવાથી ચીકણા કર્મ બંધાય છે. આવા પાપીને અભિમાની પાપી કહેવાય છે. એક તો અભિમાન પોતેજ પાપ છે તેમાં વળી અભિમાન પાપનું હોય એટલે પાપ કેટલું ગાઢ બને તે સમજી શકાય તેમ છે અજાણતાં કે ભૂલથી પાપ કરનાર તો ખબર પડયે પ્રાયશ્ચિત કરીને હલકો થાય છે. પરંતુ જે પાપ કરીને તેને માટે અભિમાન લ્યે છે તેને તો પાપમાંથી પાછા હટવાનો અવકાશ જ ક્યાં રહે છે! તે તો પોતાના પાપનો અભિમાન કરીને ભેવડાવે છે.

## મૂર્ખ પાપી

જે માણસ પારકો માલ રાખીને રાજી થાય છે. પણ સમજતો નથી કે એ કેમ પચી શકશે? આ મૂર્ખ પાપીનો પ્રકાર છે. કહોવાઇ ગયેલું ખાવાથી જેમ ઉલ્ટી થાય છે. અને ઓકવું પડે છે તેમ જે મૂર્ખ પારકાનો માલ લઈને રાજી થાય છે તેને તે વહેલો કે મોટો ઓકવોજ પડે છે, તેને ખાધેલું વ્યાજ સાથે પાછું આપવું જ પડે છે? હરામનું ખાવું તે કોવાઈ ગયેલું ખાવા બરાબર છે. જે મૂર્ખ હોય તેજ હરામનું ખાવાની ઇચ્છા કરે છે. સમજદાર માનવી તેમ કરે નહિ?

ખાતી વખતે દુધપાક બહુજ મીઠો લાગે છે, પરંતુ તેમાં માખી આવી ગઈ હોય તો? ખાધેલો દુધપાક ઓકવોજ પડે છે. પરંતુ સાથે સાથે માસ એ માસની શક્તિ પણ ઓકી નાખવી પડે છે. પારકાનો માલ ખાનારની પણ આવીજ સ્થિતિ બને છે. પારકાનો માલ ખાતી વખતે તો દુધપાક જેવો મીઠો લાગે છે. પરંતુ તેમાં પાપ રૂપી માખી હોવાથી તે ટકી શકતો નથી? આ હકીકત જેઓ સમજતા નથી અને પાપ કરતાં અચકાતા નથી, તેઓ આ વર્ગમાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનોના પર્વો અને તેનો ટુંકો ઇતિહાસ

(ગયા અંકનું ચાલુ)

**૫ માગશર સુદ ૧૧** મૌન **એકાદશી** જૈનો આ પર્વને મૌન એકાદશી તરીકે ઓળખે છે. જૈનો એ દિવસે મોટે ભાગે મૌન પાળે છે. તપશ્ચર્યા વિ. કરે છે વ્યાખ્યાનમાં પણ પણ સુવ્રત શેઠ વિની કથાઓ કહેવામાં આવે છે. એના સ્તવનો વિ. પણ જોવામાં આવે છે. જૈનતરોમાં પણ એ પર્વ કૃષ્ણ ભગવાને મોટા પર્વ તરીકે ગણાવ્યું છે ગાંધીજી પણ સોમવારે મૌન વ્રત પાળતા હતા મૌન વ્રત પાળવાથી ઘણા ફાયદાઓ થાય છે વૈષ્નવ લોકો આ દિવસને કૃષ્ણ ભગવાનના પાટોત્સવ તરીકે પણ માને છે.

૬ **ફાગણ સુદ ૧૪** આ પર્વને પણ જૈનો મોટા પર્વ તરીકે માને છે. કારતક સુદ ૧૫ થી ફાગણ ૧૩ સુધી ભાજી પાલો વિ. ની છૂટ આપવામાં આવી છે. પરંતુ ખરી રીતે ત્યાર પછી ભાજી પાલામાં વિ. ખાવાની મનાઈ છે તેમ છતાં અષાડ સુદ ૧૪ સુધી કેટલાકો તે વાપરે છે પરંતુ ત્યારબાદ કારતક સુદ ૧૪ સુધી એ વસ્તુઓ વાપરવાની મારી મનાઈ છે. જૈનોનો ત્રણ ચાતુર્માસ અને અઠ્ઠાઈઓ વિ. કહેવામાં આવી છે પરંતુ કોઇ જૈનો તેના છ વિભાગ અને છ અઠ્ઠાઈઓ વિ. માને તેઓની ફાગણ સુદ ૧૪ ને પહેલા અથવા બીજા ચાતુર્માસ તરીકે ઓળખે છે.

**ચૈત્ર મહિનો** ચૈત્ર સુદ ૬-૭ થી ચૈત્ર સુદ ૧૫ સુધી આંબેલની ઓળીઓ ઉજવાય છે. એ બાબતમાં મારો આયંબીલ પર્વ વિષેનો લેખ જોવો જૈનેતરો પણ ચૈત્ર સુદ ૧ થી ૧૦ સુધી એ મહિનામાં નવરાત્રીના તહેવારો ઉજવે છે અને અંબા માતાના દર્શને જાય છે.

**ચૈત્ર સુદ ૧૩** મહાવીર ભગવાનનો જન્મ દિવસ એ દિવસે મહાવીર જયંતિ ઠેરઠેર ઉજવાય છે. વરઘોડા નીકળે છે મહાવીર સ્વામીને થઇ ગયાને ૨૫૦૦ વર્ષ થવાના તે અંગે ચાર વર્ષ બાદ એમની જુબીલીએ હવે પછી ઉજવવામાં આવનાર છે.

**ચૈત્ર સુદ ૧૫** ચૈત્રી પુનમ આદિશ્વિર ભગવાનના પ્રથમ ગણધર પુંડરીક સ્વામિ વિ મોક્ષે ગયા તે નિમિત્તે પાલીતાણા અને ઠેર ઠેર મેળાઓ ભરાય છે અને લાડુ-ગાઠીયા વિ. નું ભાથું અપાય છે.

**વૈશાખ સુદ ૩** એને અક્ષય ત્રીજ (અક્ષય તૃતીયા) પણ કહેવામાં આવે છે. એ દિવસે વરસીતપ વાળાઓને ઠેર ઠેર પારણાઓ કરાવવાની પ્રથા છે. દર વર્ષે વરસીતપ-વાળાઓની સંખ્યા વધતી જાય છે. માસ કરીને પંચખાણુમાં વરસીતપ કરવામાં મોટુ પુણ્ય માનેલું છે. લહાણીઓ વિ. પણ વહેચાય છે. એ તપમાં એક દિવસ ઉપવાસ અને એક દિવસ એકાસણા બેઆસણા વિ. કરવાની પ્રથા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ આશય સ્વરૂપ :—

(ગયા અંકનું ચાલુ) મુનિ વિવેકચંદ્રવિજય મ. સા.-ટીંબાચુઠી

**પ્રણિધિ પ્રકૃતિ વિઘ્નખય સિદ્ધિ વિનિયોગભેદત: પ્રાય: ।**
**ધર્મંત "શવ્યાત: શુભાશુય: પજ્ચધાડત્ર વિધૌ" ॥**

પહેલું પ્રણિધાન તે અંત: કરણની મક્કમતા અથવા પવિત્ર હૃદયની ખાસ દઢતા એ મર્યાદા તેવી પ્રતિજ્ઞા સ્વીકારી તેમાં જે અવિચલ પણું-અન્યનો ઉપકાર જેમાં પાપ ન હોય, તેવું અંગીકૃત વસ્તુનું ધ્યાન તે પરિણામને આધારે જ થાય એવાં પુષ્ટિ તથા શુદ્ધિનો પવિત્ર અનુબંધ-ધર્મના સત્ય મર્મને જાણનાર ધર્મજ્ઞ તત્સમર્ય સ્થિતિમત્ જરૂર મહા વિગય ચારનો ત્યાગી અને રસ વિગઇનો પણ એકાંતે ત્યાગી દેહ વ્યવહારને શુદ્ધ કરવાને.

**અવસર પામી આળશ કરશે, મૂરખ માંહે પહેલોજી;**
**ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી-**

રંકદમકના જેવો નહિ, પરંતુ પરમાન્ન અમૃત ભોજનવાસી જે પુષ્ટિ કરતા જીનમાં જિનાજ્ઞા-સમાયિક વ્રતાદિથી ધર્મને જાણી, પ્રતિજ્ઞા-સોગંદ-નિયમ-પચ્ચખાણ અનુકુળ એવા, જે ઉપાદેય નિર્જર્જરા તત્વના અભ્યંતર તપાદિ સકામ નિર્જરા જ્ઞેય યોગ્ય ભાવ કર્મને ખેરવવા માટે, જે વિચારો અથવા સ્વકૃત આશયથી ચલાયમાન ન જ થાય -સંસ્કારથી ધઢતા સર્વાશે કાયમ રાખવાના શોભન વિચારો તત્પૂર્વક ગુણાનુરાગી અને ગુણહીન નિચીકોટિના જીવો ઉપર જે દ્વેષ બુદ્ધિ ઘણા નિંદક પણું કરે નહિ પરંતુ અનુકંપાથી તારવાને માટે સમજાવે કે—અહો ! બીચારા કર્માધીન આ લોકો દુર્લભ મનુષ્ય જન્મ બુદ્ધિ બળ આરોગ્ય તાદિ પામવા છતાં, ધર્મ સાધન નથી કરતા, તો તેમની શી દશા થશે ? તેવી અનુકંપા પરોપકાર સિધ્ધિ પ્રધાન મુખ્ય ધર્મસાધન છે. પ્રથમ જે શુદ્ધિ તે પાપના ક્ષયથી થાય જે પાપ સ્વભાવ ભૂત અભાવ હોય ત્યાગનો વ્યવહાર તે પાંચ આશય દ્વારા મનની તીવ્ર શુદ્ધિ થાય છે. નામ માત્રથી નહિ પરંતુ પાપ નિર્મુક્ત માનસિક પ્રકારની સુંદર બુદ્ધિ દર્શાવી છે. પ્રત્યક્ષ વ્યવહારમાં દેખી શકાય પછી તેના ફળ રૂપ જે બીજની પ્રાપ્તિથી સુંદર આચરણા પ્રકટે છે.

૨ પ્રવૃત્તિ તે ગમન, પાલન, પ્રયત્ન ઉદ્યમ તે સુંદર ઉત્કૃષ્ટ સ્વીકૃત ધર્મનું આદર પૂર્વક અત્યંત ક્રિયાનું આચરણ, સ્વીકૃત ધર્મ સંબધી પ્રતિજ્ઞામાંથી પાલન ઉત્કૃષ્ટ એવા ગતાનું પ્રતિક ન્યયે પૌઢ બુદ્ધિએ સોનન (શોભન) તથા અશોમન (અશોભન) પણે વિચાર શ્રેણી સિવાય, બીજુ અન્ય નથી. તે ઉપાયો સાધનો યોજવામાં અતિશયેન નિપૂર્ણ એવો ઉદ્યમ કરવો તેમ જ માનસિક ઉત્સુકતા-અકાલે તે ધર્મ સબધિ ફળ પ્રાપ્તિની વાંચ્છારહિત-નિયાણાનિદાન ઇચ્છા આશા કામ વિના જે પ્રયત્ન તે આશય શુદ્ધિ પૂર્વકનો ઉપાય: પ્રેત્ક્ષોત્પ્રેક્ષાદિ: શૂન્ય ચિત્તવાળી ક્રિયા રૂપ રહિતપણે, આત્માની વિશિષ્ટ ચેષ્ટા તદરૂપ વિધિ વિધાન જે આશયની મુખ્યતા તે ફળરૂપ સત્યાચરણ જે દંભ, પ્રમાદ, વિષય સુખકામના, મન ચંચળતા, અશુભધ્યાનાદિ, ઇચ્છાવેગ અનવસરે પ્રાપ્તિ આદિથી ફળ નિદાન વિના એ રહિત પણેની જે ધર્મ સાધના.

૩ **વિઘ્નજય-વિઘ્ન ખય ત્રિવિધક ખલુ વિજ્ઞેયો હીન મધ્યમોત્કૃટ ।**
**માર્ગ ઇહ કંટક જ્વર મોહજય સમ: પ્રવૃત્તિ ફલ: ॥**

તે અધમ જે ભયથી કાંટા કાંગરાદિથી પાછો વળે, ત્યારે મધ્યમ જેવચ્ચેથી તાવ રોગ શોકાદિ વિરમી જાય છે

(ક્રમશ:)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુમોદનીય સમાચાર

## ભાવનગરમાં ઉજવાયેલો શ્રી અંજનશલાકા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ—

દાદા સાહેબ (ક્ષત્રીયકુંડનગર)માં પ. પૂ. આ. મ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્ય મ. સા. ધુરંધરસૂરી મહારાજ તથા પૂ. આચાર્ય મ સા. ચંદ્રોદયસૂરી મહારાજ તથા પૂ. આ. મ. રૂચકસૂરી મહારાજ તથા પૂ. આ મ. નિતી-પ્રભસૂરી મહારાજ તથા મુની ભગવંતો તથા વિશાળ સાધ્વીજી મહારાજ સાહેબ તથા વિશાળ જન સમુદાયની હાજરીમાં તા. ૨૬-૧-૭૫ પોષ સુદ ૧૪ થી તા. ૬-૨-૭૫ પોષ વદ ૧૧ સુધી બાર દીવસનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. તેમાં પ્રભુજીના પાંચે કલ્યાણકો સુંદર રીતે ઉજવવામાં આવ્યા હતા તેમજ રાત્રે હંમેશા ભાવના બેસતી હતી તથા પોષ વદ ૧૦ ના રોજ મુમુક્ષુ ચંદ્રાબેન શાન્તીલાલ તથા મુમુક્ષુ ભારતીબેન ગીરધરલાલે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરેલ આ શુભ પ્રસંગે ખાસ સમસ્ત જૈન ભાઈઓએ પોતાના વેપાર ધંધા આઠ દીવસ સુધી બપોરના બાર વાગ્યા સુધી બંધ રાખેલ આ શુભ પ્રસંગની પૂર્ણાહુતિ સમયે શ્રી સંઘના વરિષ્ટ આગેવાનો આપેલા પ્રવચનો નીચે મુજબ છે.

### સંઘના પ્રમુખશ્રી ભોગીભાઈ શેઠવતી શ્રી બકુભાઈનું પ્રવચન

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી, અને એમની નિશ્રામાં ભાવનગરમાં સહુ પ્રથમવાર તાજેતરમાં અંજન શલાકા મહોત્સવ અપૂર્વ ઉલ્લાસ અને આનંદમય વાતાવરણમાં ઉજવાયો તે બદલ હું શ્રી સકળ સંઘ વતી તેઓશ્રીએ આપણા ઉપર જે ઉપકાર કર્યો છે, તે માટે અનુમોદના કરૂં છું.

પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, તેમજ પરમ પૂ. આ. મહારાજશ્રી વિજયનિતિપ્રભસૂરીશ્વરજી મહારાજ સા. પણ આપણી વિનંતીને માન આપી, પાલીતાણાથી આ પ્રસંગ માટે ખાસ વિહાર કરી મહોત્સવને સફળ બનાવવા માટે અથાક મહેનત લઈને આપણા સંઘ ઉપર તેઓશ્રીએ મહાન ઉપકાર કર્યો છે. તે બદલ આપણે તેમની અનુમોદના કરીએ છીએ તેવી જ રીતે પ. પૂ. આ. મહારાજશ્રી વિજયરૂચકસૂરીશ્વરજી મ. સાહેબ જેઓ અત્રે ચાતુર્માસ રહ્યા હતા, તેઓ શ્રી પણ આપણી વિનંતીને માન આપી આ મંગળ પ્રસંગે પધારી આપણને ઉપકૃત કર્યા છે. તે બદલ શ્રી સંઘ વતી તેઓશ્રી પ્રત્યે અનુમોદનાની લાગણી વ્યકત કરૂં છે.

આ મહોત્સવના **આયોજનથી માંડી** તેની પૂર્ણાહુતિ સુધી નાનામાં નાની વિગતથી લઈ અભિષેક અને **અંજન શલાકાની વિધી સુધી** જેઓશ્રી સતત ચિંતીત રહયા અને જેમની આટલી બધી કાળજી અને ચીવટ ન હોત તો કદાચ આ મહોત્સવને આટલી અપૂર્વ સફળતા ન સાંપડી હોત તે પ. પૂ. આ મ. શ્રી વિજયચંદ્રોદયસુરીશ્વરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ સાહેબને તો આપણા સંઘ ઉપર અનહદ ઉપકાર છે. આ મહોત્સવ સર્વ પ્રથમવાર આપણા આંગણે ઉજવી શકયા તેનો બધો યશ તેઓશ્રીના આયોજન અને દીર્ઘ દષ્ટિને આભારી છે. અમદાવાદથી પૂ. આ. મ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે મુહુર્ત કાઢી આમ મહોત્સવની સફળતા માટે સમગ્ર સાધુ સમુદાય તેમજ સાધ્વી સમુદાયે પોતાની રીતે ફાળો આપ્યોજ છે. તેઓ સહુ પ્રત્યે પણ હું મારા વતી તેમજ શ્રી સકળ સંઘ વતી અનુમોદના કરૂં છું.

અંજન શલાકા મહોત્સવની ગાથા ભાવનગર સંઘના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકાશે મે મહોત્સવની શરૂઆત થઈ ત્યારે પરમ પૂ. આ. દેવશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ સાહેબના ૭૫-મા જન્મદિન ઉજવણી પ્રસંગે કહ્યું હતું કે આ ધર્માત્માની નિશ્રામાં આપણે આવા અનેક મહોત્સવો ઉજવવા ભાગ્યશાળી થઇએ અને પણ આજે હું મારી એ મારી એ ભાવના દોહરાવું છું કે પ પૂ. ગુરૂદેવના પૂણ્ય પસાયે અને બધા આચાર્ય દેવોની નિશ્રામાં ભાવિમાં આપણા ધાર્મિક મહોત્સવ આવાજ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવવા ભાગ્યશાળી થઈએ તેવા આશિર્વાદ, સર્વ ગુરૂદેવોના આપણા ઉપર ઉતરે એજ અભ્યથના.

## આભાર

આપણા મહોત્સવના મુખ્ય દિવસે કતલખાના બંધ રખાવવા બદલ ભાવનગર નગર પાલિકાના નગરપતિ તથા અગ્રગણ્યોનો વરઘોડા પ્રસંગ ટ્રાફીક વ્યવસ્થામાં ખાસ સગવડતા માટે સુપ્રી. સાહેબ હોમગાર્ડઝ ભાઇઓનો યોગ્ય પ્રસિદ્ધિ આપવા માટે દૈનિક છાપા સૌરાષ્ટ્ર સમાચાર તથા લોકરાજનો વરઘોડા માટે ખાસ ટ્રક આપવા માટે નિતિન ટ્રાન્સપોર્ટ વગેરેના ઓસવાળ યુવક મંડળ ટ્રક શણગાર તથા માયકની સુંદર સુવિધા માટે વર્ધમાન પી. શાહ તથા મંડપ સુવિધિ માટે મુળજી નાનાલાલનો ઈલેકટ્રીક વ્યવસ્થા માટે જૈન ઇલેકટ્રીક સ્ટોર અને શ્રી જયંતીલાલ મગનલાલ શાહ કે જેઓ પાયામાંથી સતત ચિંતનપૂર્વક દરેક પ્રસંગોને દીપાવવા તનતોડ પરિશ્રમ વેઠી જવલંત સફળતા પ્રાપ્ત કરાવવામાં યશસ્વી ફાળો આપનાર હતા. ઉપરાંત પાંજરાપોળમાંથી એક પ્રતિમાજી લાવ્યા તેનો નકરો ભાવનગર સંઘ માટે ન હોય તેવી ઉચ્ચ ભાવના ભાવનગર સંઘ માટે દર્શાવી છે.

આ અંજન શલાકા મહોત્સવની ભવ્ય ઉજવણીમાં પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજનો પુન્ય પસાય અને ભાવનગર જૈન સંઘની પુન્યાય સંઘનું અહોભાગ્ય કે પૂ આચાર્ય મહારાજશ્રીઓની અમિદષ્ટિ અને ઉત્કર્ષ ભાવનાએ જવલંત સફળતા અપાવી છે. આ મહા ઉપકાર આપણે કદિ વિસરી શકીશું નહી (અનુ ૧૩ મે પાને)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઇંટ અને ઇમારત

લેખક : અમરચંદ માવજી શાહ

એક એક ઇંટો મુકતા-ઈમારત બંધાય,
એક એક ડગલુ ચડો-ડુંગર ટોચ પહોંચાય,

ભારતના મહાન વડાપ્રધાન પંડિતશ્રી જવાહરલાલ નહેરૂ એ એક ભાષણમાં જણાવેલું કે" એકદિન આપ ઔર હમ ગુજર જાયેંગે લેકીન એ ઇંટે ઔર પત્થર કાયમ રહેંગે.

આપણા ઇતિહાસની કડીઓ એ ઇંટને ઇમારત દ્વારા–આપણે મેળવી શકીએ છીએ ભારતની ગૌરવ ગાથાઓ. એ ઇંટને ઇમારત-સાચવી રહી છે એ બે બેહજાર વર્ષથી અડીખમ ઉભી છે.

મહાન પુરૂષાર્થ ઐતિહાસીક આત્માઓએ આ જગતના તખ્તા ઉપર પોતાના તન, મન, ધનની મહાન શક્તિ ભાવી પ્રજાને પ્રેરણા માટે કળા, કારીગરી, વિજ્ઞાન યુકત કળા કૃતિઓના મંદિરો, મસ્જીદો, મઠો, ગુફાઓમાં કળાના પ્રદર્શનો કીલ્લાઓ ગોળ ઘુંમટો જિનાલયો વિગેરે અનેક જાતના વિવિધ દિશામાં કરેલા પ્રયત્નોનીએ ઇમારતો સાક્ષી પુરી રહી છે અને ભારતની કળાનું ગૌરવ આકર્ષણ અદ્યાપી વધી રહ્યું છે (ક્રમશઃ)

(૧૨ મા પાનાનું ચાલુ)

પૂ. આ મ શ્રી વિજયકસ્તુરસ્વિરજી મહારાજનો ૭૫ મો જન્મદિન ઉત્સવ ભાવનગરને આંગણે આ મહા ઉત્સવ દરમિયાન ઉજવવા ભાગ્યશાળી બન્યા. આ પ્રસંગે ૨૫૦થી ૩૦૦ શુભેચ્છાના સંદેશા મળ્યા તેઓ સૌનો આભાર માનીએ છીએ. બીમારીના બીછાનેથી પૂ. આ. મ શ્રી વિજયનંદનસૂરીશ્વરજીએ પણ આશીર્વાદ પાઠવેલ તેની અનુમોદના કરૂં છું. મહાવીર સ્વામીની ભવ્ય રચના ખાસ ઠરાવ કરી ઉસ્માનપુરા જૈનસંઘે આપણને મોકલી સાબરમતી જૈન સંઘ પણ ખાસ રચનાઓ મોકલી તેમનો આભાર માનીએ છીએ. શ્રી જીનદાસ ધર્મદાસની પેઢી એપણ આપણને ઉપયોગી સેવા આપી છે તેઓનોપણ આભાર.

મારા સાથીદારો કાર્યવાહી કમિટી વ્યવસ્થાપક કમિટી તથા ખાસ નિમેલ અંજન શલાકા કમિટીના દરેક સભ્યોએ સતત દરેક કાર્યોમાં ઉપયોગી સેવા આપી આખા પ્રસંગને સફળ બનાવવાકાર્યદક્ષતા બતાવી છે તેઓને કેમ ભુલુ? તેઓના સાથ અને સહકારથી જ આ ભગીરથ કાર્ય પાર પડયું છે અને છેલ્લે સાચો આભાર જૈન સમાજનો શાંતિ અને શિસ્ત પૂર્વક બધાજ પ્રસંગોએ હાજર રહી તકલીફ વેઠીને પણ શાંતિ જાળવી ભાવનગર જૈન સમાજની શાન બઢાવી તેઓના ખાસ ઋણી છીએ છેલ્લે વડવા દેરાસરજીમાં અવીધીસર ઘણા પ્રભમાજી હતા ઘણા વખતથી વીચારણા કરતા જેનું અંજળ પણ આવી ગયું. હવે આભાર વિધિ શ્રી મનુભાઈ શેઠ કરશે. તે પહેલા શાસ્ત્રીનગર જૈન દહેરાસર માટેની ભાવના વહેલી તકે ખાત મુહુર્ત કરી વિશાળ ભવ્ય જીનાલય બાંધવાની ભાવના. છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જયંતિલાલ મગનલાલ શાહનું વકતવ્ય

પૂ. આચાર્ય મહારાજશ્રી વિજય કસ્તુરસૂરિશ્વરજી મહારાજ આદિ પૂ. આચાર્યો ભગવંતો તથા મુની મહારાજોની નિશ્રામાં આપણે સૌએ મહાભગીરથ કાર્ય અંજનશલાકા મહોત્સવ નિર્વિઘ્ન પણે સફળતાપુર્વક પરિપુર્ણ કર્યો તે શાસનદેવથી કૃપાથી તેમજ પૂ. શ્રી વૃધ્ધિચંદ્રજી મહારાજ પુન્યપસાયથી ભાવનગર માટે અહોભાગ્ય છે.

અમે સંઘનું પ્રતિનિધી મંડળ પૂ. આચાર્ય મહારાજશ્રીને ગત ચાતુર્માસ માટે વિનંતી કરવા લીંબડી ગયા હતા ત્યારે તેઓશ્રીની ભાવના અંજનનું કાર્ય બીજે સ્થળે વિચારણામાં હોવાથી ભાવનગર આવવુ કદાચ અશકય બને તેમ જાણવા મળતા આપણે તેમની અંજનની ભાવના પરિપુર્ણ કરવા તૈયારી સાથે અમદાવાદ વિનંતી માટે ફરીને ગયા—અને પૂ આ મ. શ્રી વિજય નંદપ્રભસૂરીશ્વરજીની રૂબરૂ જઈને ભાવનગરના ચોમાસા માટે જે બોલાવી—સાથે ચૈત્ર માસની શાશ્વતી ઓળી પણ ભાવનગરમાં કરાવવી તેમ વિનંતી. કરતા તેઓશ્રી વિશાળ સમુદાય સાથે જડપી વિહાર કરી ભાવનગર પધાર્યા સરદાર નગર શિખર બધી જીનમંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ પૂ શ્રીની નિશ્રામાં ધામધૂમ પૂર્વક ઉજવ્યો અંજન શલાકા મહોત્સવ માટે શ્રાવણ માસમાં ઉજવવા માટે તેઓશ્રીની ભાવના હતી. પરંતુ ચોમાસાના દિવસોમાં દસબાર દિવસના મહા મંગળ કારી કાર્યમાં એકાદ દિવસ પણ વર્ષા આવે તો આપણા મહોત્સવમાં ઘણી મુશ્કેલીઓ પડે અને આપણી ભાવના હતી કે વર્ષો સુધી ભાવનગરમાં ન ઉજવાયેલ અંજન શલાકા મહોત્સવ ખૂબજ શાનદાર રીતે જૈન સમાજ બધી જ વિધિ નિહાળી શકે માહીતગાર થઈ શકે તે રીતે ઉજવવાની હતી તે ભાવના પરિપુર્ણ ન થાય એટલે ચોમાસામાં મોકુફ રાખી પોષ મહીનામાં આ મહા મહોત્સવ ઉજવવો—અને આપણે સૌ જોઈ શકયા કે અંનુકુળ સમયે આ મહા ઉત્સવ ઉજવ્યો તેથી ભાવનગરમાં જૈન સમાજમાં એક ઐતિહાસિક દેદિપ્યમાન ઉત્સવ બની શકયો અને પુ. આચાર્ય મહારાજશ્રીની આ ભાવના પરિપુર્ણ થતા અમો સૌને ખૂબજ આનંદને સંતોષ થયો.

પુ. આચાર્ય મહારાજશ્રીએ ચોમાસા દરમિયાન ઘણાજ ધાર્મિક કાર્યો તપસ્યા સતત અઠ્ઠમ-તપોની હારમાળા વર્ધમાન તપ થડુ બાંધવાવાળાની વિશાળ સંખ્યા અને શંખેશ્વર મહાતિર્થની યાત્રાની પ્રેરણા ઉપરાંત આપણે ત્યાં જ્ઞાનનો ભંડાર હતો તેનું સંશોધનનું મહાકાર્ય કરી ખૂબજ પુરાણી તાડપત્રી, ચિત્રો, પત્રોનો જુનો ઇતિહાસ શોધી પ્રદર્શન રૂપે જૈન જૈનેતર સમાજ પાસે અમુલ્ય ખજાનાનુ દર્શન કરાવ્યું.

ભારત ભરમાં યાદગાર રહે તેવી વિશિષ્ઠ રીતે મહાવીર સ્વામીનો ૨૫૦૦ મો નિર્વાણ કલ્યાણક ઉત્સવ ઉજવી ધાર્મિક કાર્યોની અનુમોદના કરી બીજા સંઘોને માર્ગ દર્શન રૂપે નવી કેડી બતાવી.

પુ આ. મ. શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબે આપણા દરેક પ્રસંગોના મુહુર્ત આપી સતત કાળજી રાખી તેમના આશીર્વાદ પાઠવી યોગ્ય માર્ગદર્શન સલાહ સુચનો અર્પી આપણી ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેની અનુમોદના કરતા હર્ષ અનુભવુ છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ( હાલરડાનો રાગ- ગરબો )

પ્રગટી જગમાં જ્યોતિ, જયવંતી જિન રાજની રે,
પ્રગટી દીલમાં જ્યોતિ, પ્રેમસ્વરૂપ ભગવાનની રે, પ્રગટી-એટેક-૧

**—: સાખી :—**

ચૈત્ર શુદી તેરસ દીનો, જનમ્યા વીર કુમાર,
આલમમાં આનંદ થયો, વર્ત્યો જય જયકાર પ્રગટી—૨

દેવ દેવીઓ પધારીયા, મંગળ ઉત્સવ કાજ,
મેરૂ શીખર પર લઈ જઈ, જન્મોત્સવ કરે આજ પ્રગટી—૩

જન્મ થતા જિનરાજનો, સિદ્ધાર્થ' રાજ ભંડાર,
વૃદ્ધિ થઈ સુખ સંપત્તિ, નામ 'વર્ધમાન' કુમાર પ્રગટી—૪

તીર્થંકર નામ ગૌત્રથી, વિભુતી રૂપ ભગવાન,
ત્રણ જ્ઞાનના સાથથી, દીપે શ્રી વર્ધમાન પ્રગટી—૫

અલૌકીક વીરતા થકી, કહે સૌ વીર કુમાર,
ત્રિશલાનંદન પર સહુ, કરે પ્રેમ અપાર પ્રગટી—૬

યૌવન વય પ્રભુ પામીયા, પરણ્યા યશોદા નાર,
ગ્રહસ્થાશ્રમ વેદી અને, તજે રાજ્ય શ્રીકાર પ્રગટી—૭

સાડાબાર વરસ કર્યા, અઘોર તપ જિનરાય,
ઉપસર્ગો અનેક સહ્યા, ઘાતી કર્મ દુર પાય પ્રગટી—૮

કેવળ જ્ઞાન જ્યોતિ થઈ, સમવસરણ રચે દેવ,
બાર પર્ષદા વીરની, વાણી સુણો કરી સેવ પ્રગટી—૯

ત્રીસ વરસ વીચરી અને, બુઝાવ્યા જીવ અપાર;
દીપોત્સવી દીને પ્રભુ, પામ્યા ભવનો પાર પ્રગટી—૧૦

જીવદયા ઝરણા વહ્યા, બલિદાનો થયા બંધ;
સમ્યગદૃષ્ટિ પામતા, હિંસાથી બચીયા અંધ પ્રગટી—૧૧

મંગળમય દીન આજનો, વીર જન્મ ઉજવાય,
'અમર' સંદેશ અહિંસા તણો, પ્રસરો જગની આપ, પ્રગટી—૧૨

રચયિતા-
**અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

## વિશ્વમાન્ય ધર્મ

( ગયા અંકથી ચાલુ ) ( દોહરા )

| | |
|---|---|
| મન હિંસા છે માનની | મન હિંસા વાચા કરે |
| વાચા હિંસા ક્રોધ | વાચા કરે છે તન |
| હિંસા કાય માયા તણી | હિંસા તન જીવીતની |
| લોભ હિંસા છે મોક્ષ—૧૬૫ | જીવીત હિંસા કર્મ—૧૬૬ |

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ. ( ક્રમશઃ )

## ભાવનગરમાં પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રદાન કરતા



મુમુક્ષુ કુમારિકા ચંદ્રાબેન તા. ૫-૨-૬૫



મુમુક્ષુ કુમારિકા ગજરાબેન તા. ૫-૨-૬૫

પ્રકાશક : જયતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ પોપટલાલ ગાંધી. શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only